# ચારુબાની ચીંતાનું નીવારણ

–રઘુવીર ચૌધરી

ચારુબા ગઈ કાલ સુધી તો સમ્પુર્ણ સ્વસ્થ હતાં. આમેય સોસાયટીની વયોવૃદ્ધ માતાઓમાં એમનું આરોગ્ય નમુનારુપ ગણાતું. એ સ્પર્ધામાં માનતાં ન હોવાથી ભાગ ન લે; નહીં તો સીત્તેર વર્ષ વય–જુથમાં એ સુવર્ણપદક પ્રાપ્ત કરે. ચારુબાનો મુદ્રાલેખ છે : ‘સ્પર્ધા નહીં; સ્નેહ.’ સ્પર્ધાથી મેળવેલી જીત ક્ષણજીવી ગણાય. સ્નેહની જીત સ્મરણ બની જાય. એમના સમ્પર્કમાં આવનારાઓમાંથી જેમને માણસને પારખવાની આવડત છે એમણે કહ્યું છે કે ચારુબાના વ્યક્તીત્વનું મુખ્ય લક્ષણ છે સ્નેહ. સીત્તેર વર્ષની વયે પણ એ સુન્દર લાગે છે. એનું કારણ છે એમની આંખોમાં સૌને માટે વરતાતો સ્નેહ. કુટુમ્બીજનોમાં અને દુરનાં સગાંવહાલાંઓમાં બીજી બાબતે ભલે મતભેદ પડ્યો હોય; ચારુબાના પ્રેમાળ વ્યક્તીત્વ અંગે વ્યાપક સહમતી પ્રવર્તે છે. સદા આવકારવા તત્પર.

ચારુબાના પૌત્ર પરમને યુનીવર્સીટીનો ચન્દ્રક મળ્યો ત્યારે એક પત્રકારે એને પુછેલું : ‘તમારો રોલ મૉડલ ?’

પરમે તરત જ કહ્યું હતું : ‘મારાં દાદીમા – ચારુબા. મારાં ચારુબા છે મારો આદર્શ.’ પરમે પોતાના અભીપ્રાયના સમર્થનમાં જણાવેલું : ‘મારાં દાદી સૌનાં બા છે. એ બહારગામ ગયાં હોય ત્યારે બીલાડી, વાંદરાં, કુતરાં અને પાણી પીવા આવતાં પક્ષીઓ પણ તેમને શોધતાં જણાય છે. એમના આગમનની જાણ પણ એ બધાંથી તુરત થાય છે. અમારા મકાનની આજુબાજુનાં જુનાં ઝાડનાં ડાળ–પાંદડાં જીવન્ત બની જાય છે. પક્ષીઓનો કલરવ એમને વીંટળાઈ વળે છે. એમની પાંખોમાં રંગાઈને પ્રકાશ વરંડાના હીંચકા સુધી આવી જાય છે.’

‘તમે તો અંગ્રેજી માધ્યમમાં ભણેલા છો, તો પછી આવું સારું ગુજરાતી કેવી રીતે બોલી શકો છો ? ક્યાં શીખેલા ?’

‘ચારુબાના ખોળામાં બેસીને.’

પત્રકારે પરમની મુલાકાત છાપવા સાથે ચારુબાનો ફોટો પણ છાપવો હતો, ‘ક્યારે આવું ફોટો પાડવા ?’ – એણે ચારુબાને ફોન પર પુછેલું. ચારુબાએ હસતા અવાજમાં કહેલું : ‘પરમમાં મારો ફોટો આવી ગયો. ચાનાસ્તા માટે જરુર આવજો. તમારે ફોટો છાપવો જ હોય તો એનાં માતાપીતાનો છાપો. એમને ભારે અભરખો હતો : પરમ પહેલે નંબરે આવે એનો ! મારે તો એટલું જ જોઈએ કે પરમ સદા પ્રસન્ન રહે. એને મળીને સૌ પ્રસન્ન થાય.’

પરમનાં માતાપીતા સારું કમાય છે. દાદાજી એનું પેન્શન ચારુબાને સોંપી દે છે. કયા સત્કર્મ પાછળ કેટલી રકમ વાપરવી એનો નીર્ણય પણ ચારુબા કરે. વધેલી રકમ પરમના જન્મદીને એને આપી દે. આ વર્ષે એને સ્કુટર લાવી આપ્યું છે. અનુસ્નાતકનો અભ્યાસ કરવાની

સાથે વારસાગત ખેતીની દેખરેખ રાખશે. જમીનની કીમ્મત વધી ગઈ છે. વેચવાની નથી. જમીનના દલાલો એમના પ્રકૃતીપ્રેમનો ઉપહાસ કરે છે. કરોડો રુપીયા કરતાં એમને પક્ષીઓએ કોચીને નીચે પાડેલાં ફળ વધુ ગમે છે. કહેશે : 'કાચું ફળ તોડાય નહીં; એને ઝાડની ડાળ પર પાકવા દેવું જોઈએ. પાવડર નાખીને નહી.'

પરમ કોઈ દલાલ સાથે ચર્ચામાં ઉતરતો નથી. એ માને છે કે કૃત્રીમ ભાવવધારા માટે જમીનના દલાલો જવાબદાર છે.

'અને એક મકાન હોવા છતાં બીજું ખરીદનારાઓ પણ.' – ચારુબાએ કહેલું.

પરમના મીત્રોના ફોન આવે અને એ નમસ્તે કહે તો ચારુબા એનું નામ પુછે. બાકી પરમને જાણ કરે : 'તારો ફોન છે બેટા, આપી જાઉં કે –'

પરમ પગથીયાં ઉતરતો દોડી આવે.

એનાં માતાપીતા જાણતાં હતાં કે પરમને પરદેશ મોકલવા અંગે મા સમ્મત નહીં થાય. દાદાજી પણ જવાબમાં મૌન પાળશે. પણ પરમ અમેરીકાની કોઈ ઉત્તમ યુનીવર્સીટીમાંથી એમ. એસ., પીએચ. ડી.ની ડીગ્રી લઈ આવે તો એની કારકીર્દી બની જાય. ચારપાંચ યુનીવર્સીટીઓમાં અરજી કરી હતી. પ્રવેશ મળી ગયો છે. વીઝા માટે જવાનું થયું ત્યારે પરમે દાદીમાને પગે લાગી આશીર્વાદ માંગ્યા.  'તારે સાચે જ જવું છે, બેટા ?'

'વીઝા મળશે એની ક્યાં ખાતરી છે ?'

'તો તું આશીર્વાદ શેના માંગે છે ?'

પરમ પકડાઈ ગયો હતો. દાદીમાના આશીર્વાદ હોય તો પછી વીઝા મળવા અંગે શંકા કરાય ખરી ? એ નીચું જોઈને ઉભો હતો. દાદીમાએ એને માથે હાથ મુક્યો હતો. વીઝા માટે રુબરુ મુલાકાતની તારીખ મળતાં પરમનાં માતાપીતા પણ એની સાથે જોડાયાં હતાં.

મુલાકાત લેનાર અધીકારી મહીલા હતાં. પરમની યોગ્યતાની વીગતો વાંચતાં એમણે પુછ્યું : 'ભણવા જવું છે કે કમાવા ?'

'મેં ભણવા માટે જ દાદીમા પાસે આશીર્વાદ માગ્યા છે.' – સાંભળતાં જ મહીલાએ પરમની સામે જોયું. પછીના પ્રશ્નોમાં નર્યો સદ્ ભાવ હતો. સહુ કહે છે : પરમની આંખો ચારુબાની આંખોની યાદ આપે છે. એની મમ્મીની આંખો તો ગોગલ્સના પડદા પાછળ રહે છે.

પરમ સસ્તી ટીકીટની તપાસ કરતો હતો. 'સસ્તી શા માટે ? વાજબી અને સલામત એર લાઈન્સ શોધવી જોઈએ.' – દાદાજીએ કહેલું. ચારુબા હજી જાતને ઠસાવી શક્યાં ન હતાં : 'તારે સાચે જ જવું છે, બેટા ?'

મૌન. દાદાજી પણ છાપામાં આંખો સંતાડે છે. થોડી વાર પછી કહે છે : 'પરમ બેંગલોર ભણવા જાય કે ન્યુ યૉર્ક, શો ફેર પડે છે ? અને હવે તો લેપટૉપમાં વાત કરતાં એકમેકને જોઈ પણ શકાય છે !'

‘એ ખરું પણ માથે, બરડે હાથ ફેરવવાનું મન થાય ત્યારે – ’

‘રડી લેવું. કાલે તો ઉંઘમાં રડતાં હતાં –’

પરમ ટ્રાવેલ કંપની સાથેની વાત અધુરી મુકી બેસી રહ્યો. એને પ્રશ્ન પણ થયો હતો : પોતાને ફાવશે ત્યાં ?

ત્યાં એક ફોન આવ્યો હતો. પરમ એના રુમમાં ગયો હતો. અભીનંદનના ફોન આવે છે. મોટે ભાગે છોકરાઓના હોય છે. કેટલાક સાથે ફેસબુક પર વાતો થતી હોય છે.

‘હવે પરમ મોટી દુનીયામાં પગ મુકશે.’ – દાદાજી સ્વસ્થ હતા.

‘મારી દુનીયા નાની છે ?’

‘મારા માટે તો નાની નહોતી; પણ તમે ચીંતા ન કરો, એ ભણીને પાછો આવશે.’

‘પરણી ગયો હોત તોયે મન મનાવત. આ તો એકલો –’

‘ તો તમે કેમ કન્યા શોધી ન આપી ? તમારી પસંદગીનો એ  વીરોધ ન કરત.’

‘મને એમ કે સાથે ભણનારમાંથી કોઈક–’

હળવી પળોમાં દાદાદાદી પરમની ચીંતા ભુલી ગયાં. દાદાજીના કહેવા મુજબ પરમ પ્રેમ વીશે બોલીને ઈનામ ભલે જીતી લાવે; પણ સામે ચાલીને એ કોઈના પ્રેમમાં પડે એવો નથી. સીવાય કે કોઈ એના પ્રેમમાં પડે... પણ પરમ તો જરૂર કરતાંયે ઓછું બોલે છે... તોય બધા અને જ ટીમનો આગેવાન બનાવે છે... હા, કદાચ એટલે જ. ઓછું બોલનાર અન્યની વધુ નજીક રહે છે.

ચારુબા આ ક્ષણે સાંભળતાં હતાં ઓછું. એમને અમેરીકાના ઠંડા ઓરડામાં પૌત્ર એકલો અટુલો દેખાતો હતો. એને ફક્ત ચા બનાવતાં આવડે છે... ખાશે શું ?

ટીકીટ લેવાઈ ગઈ હતી. છેલ્લા દીવસોમાં ઘર મહેમાનોથી છલકાતું રહ્યું. ઘરે–બહાર પાર્ટીઓ પણ ચાલતી હતી. બહારગામથીયે ભેટ આવતી હતી. વજન કરી કરીને બૅગ ભરાતી ગઈ હતી.

ઍરપોર્ટ પર દાદાદી ન આવે તો ચાલે, એવો અભીપ્રાય સૌનો હતો; પણ પરમે ના પાડી ન હતી. એણે પહેરેલું પહેરણ ચારુબા પહેલીવાર જોતાં હતાં.

‘ક્યારે ખરીદ્યું ?’

‘ભેટ આવેલું છે,’ પરમની મમ્મીએ કહેલું. ચારુબાએ પ્રશ્નની ઝલક સાથે નજર કરી હતી. જવાબ નહોતો મળ્યો. ‘ખબર હોય તો બોલેને !’ – ચારુબાએ પુત્રવધુની સામે ઠપકાની નજરે જોયું હતું.

બધાં રાતના ત્રણ વાગ્યા સુધી ઍરપોર્ટ પર રોકાયાં હતાં. પરમ દાદાજીને ભેટી ખુબ રડ્યો હતો. સ્વજનો અને મીત્રો વચ્ચે આમ હવે પહેલીવાર રડ્યો હતો. બે ડુસકાં વચ્ચે બોલ્યો હતો : ‘દાદા, બાને સાચવજો...’

દાદા સમજતા હતા : આ ઉદ્ગારમાં આજ સુધી પામેલા વાત્સલ્યનો પડઘો છે. ચારુબા પરમની મમ્મી સાથે બૅગ સાચવતાં ઉભાં હતાં; તેથી તેમણે પરમને રડતો સાંભળ્યો કે જોયો નહોતો. એમણે પોતે ન રડવાની મક્કમતા ટકાવી રાખી હતી. અગાઉ ભગવાનના દીવા આગળ અને સપનામાં રડી લીધું હતું.

ઘરે આવ્યા પછી એમને એકાએક થાક લાગ્યો. પરમનું સ્કુટર જોતાં ધ્રાસકો પડ્યો. કેવી કાળજીથી એ ચલાવતો હતો ! હવે ? પાંપણો ભીની થઈ ગઈ.

ફરી સ્કુટર સામે જોવાની હીમ્મત ન ચાલી.

બીજે દીવસે તાવ આવ્યો. શરીર જકડાઈ ગયું.

માની લીધું કે થાકનો તાવ હશે. પણ ત્રીજા દીવસે પણ તાવ ન ઉતર્યો. ખાવાપીવામાં અરુચી જાગી. ડૉક્ટરે લોહીની તપાસ કરાવી. કશી બીમારી નથી. તોયે આશરે પડતી દવાઓ આપી. કશી અસર ન થઈ.

પરમ પહોંચી ગયો. એની સાથે ફોન પર વાત કરતાં ચારુબાએ અવાજ પર કાબુ રાખ્યો હતો. સલાહ આપી હતી : ‘ખાવાપીવામાં આળસ ન કરતો.’

પુત્રવધુએ પુછ્યું હતું : ‘રજા લઉં ?’

જવાબમાં ચારુબા મોં ફેરવી જાય છે. વહુ કહે છે : ‘તમે પોતે કશું ખાતાંપીતાં નથી ને પરમને સલાહ આપો છો.’

‘એ જવાબદારી તો તારી છે. પણ તારે તો દીકરો પરદેશ ગયો એટલે તારી મહત્ત્વાકાંક્ષા સીદ્ધ થઈ ગઈ. જા, તું તારે ઑફીસે. હમણાં તો વાતનો વીષય મળી ગયો છે ને !’

અહીં દાદાજી હસ્તક્ષેપ કરે છે. પુત્રવધુને ઑફીસે વીદાય કરીને, દવાની ગોળી અને પાણી લઈ આવે છે. સ્થીર ઉભા રહે છે.

ચારુબા માથે ઓઢી લે છે. ‘મારે ઘેનમાં પડી રહેવું નથી. જાગીએ તો જ પ્રાર્થના ચાલુ રહે. પ્રભુ સાચવશે પરમને.’

‘અત્યારે તો તમને સાચવવાની જરુર છે... આમ ને આમ પડી રહેશો તો ડૉક્ટરને ઘરે બોલાવવા પડશે. અમે બધાં દીવસમાં એક વાર પરમ સાથે લેપટૉપ પર એકમેકને જોઈને વાત કરીએ છીએ. એ વખતે તમે ઉઠતાં નથી. તમારી બીમારી છુપાવવા અમારે બહાનાં શોધવાં પડે છે. મને લાગે છે : ‘એ પામી ગયો છે. અમે ખોટું બોલવાનું શરુ કર્યું છે.’

એ પછીના ત્રીજે દીવસે એક કૉલેજકન્યા બારણે આવીને ઉભી રહે છે : ‘હું પ્રીયંકા, પરમની મીત્ર છું. એણે મને કામ સોંપ્યું છે. બાના થોડાક ફોટોગ્રાફ મારે એને મોકલવાના છે.’

‘ભલે, અંદર તો આવો.’ – દાદાજીએ આવકાર આપ્યો.

‘ક્યાં છે બા ?’

‘આ રહ્યાં, જરા ઠીક નથી.’

‘પરમને એ જ શંકા હતી. બા સાજાં હોય અને વાત કરવાનું ટાળે એ શક્ય નથી.’ પ્રીયંકા ચારુબાના પલંગ પર બેસી જાય છે. એમના પગને પાવલે હાથ મુકે છે. ‘તાવ માપો છો કે પ્રણામ કરો છો ?’ – દાદાજીને હળવેથી પુછી, બેસે છે.

‘મારે તો ક્યારનુંયે પગે લાગવા આવવું હતું; પણ પરમ લાવ્યો જ નહીં ! વીજયપદ્મ અમને સહીયારું મળ્યું, તે દીવસે પણ કહે : ‘હું તારે ત્યાં આવવાની જીદ કરું છું ? કૉલેજનું કૉલેજમાં–’

‘તારી પાસે સરનામું ન હતું !’ ચારુબા બેઠાં થાય છે. – ‘એકલી આવી શકી હોત.’

‘જુઓને આજે પણ એકલી જ આવી છું. પરમની જેમ હુંયે એકલી રહેવા ટેવાયેલી છું. એની જેમ મારેયે કોઈ મીત્ર નથી. મને પરમની એકલતા ગમે છે. સ્પર્ધામાં અમે સામસામે પક્ષે હતાં; પણ બન્નેના ગુણ મળીને કૉલેજને વીજયપદ્મ પ્રાપ્ત થયું.’

‘અભીનન્દન પરમને પણ...’ ચારુબાના મોં પર ઘણા દીવસે સુરખી વરતાઈ.

‘શેના અભીનન્દન આપ્યાં ?’ દાદાજી જાણીજોઈને ચોખવટ કરવા માંગતા હતા.

‘પરમ સામે સ્પર્ધામાં ઉતરનાર પ્રીયંકા એની એકલતાની કદર કરે છે એ જોઈને.’

‘પણ તમે તો સ્પર્ધામાં માનતાં નથી, સ્નેહમાં માનો છો ?’ દાદાજી મનોમન પુછતા હોય તેમ નજર મેળવે છે.

‘સ્પર્ધા પણ ક્યારેક સ્નેહમાં પરીણમે.’ – ચારુબા મનોમન જવાબ આપે છે. ઓઢેલી શાલ વાળીને ખભે નાખે છે. પ્રીયંકા ફોટા પાડે છે. દાદાજી પ્રીયંકાને ચારુબા પાસે બેસાડી ફોટો પાડે છે. કહે છે : ‘આ ફોટો પરમને મોકલશે તોય ચાલશે .’

## –રઘુવીર ચૌધરી

નવેમ્બર ૨૦૧૨ના ‘અખંડ આનન્દ’ના દીપોત્સવી અંકમાંથી લેખક શ્રી. રઘુવીરભાઈની પ્રેમાળ પરવાનગીથી સાભાર.. ..ઉત્તમ ગજ્જર..

સર્જક સમ્પર્ક : A-6, પુર્ણેશ્વર ફ્લેટસ, ગુલબાઈ ટેકરો, અમદાવાદ–380 015
Phone : (R) 079-2630 3132 Website : http://www.rangdwar.com/
eMail : rangdwar.prakashan@gmail.com

ગુજરાતી સાહીત્ય પરીષદના જુલાઈ ૨૦૧૩ના ‘પરબ’ના અંકના પાન ૫૭ પર રઘુવીરભાઈની એક મુલાકાત છપાઈ છે.. http://gujaratisahityaparishad.com/prakashan/parab/index.html આ લીંક ખોલતાં તે વાંચવા મળશે.. સ્થળ : ટી.વી. એશીયા યુ.એન.એ.ના ન્યુ જર્સી–અમેરીકા સ્થીત સ્ટુડીયો – મુલાકાત લેનાર : મધુ રાય – સમય : ઓગસ્ટ ૨૦૦૧

.. ઉત્તમ ગજ્જર..

@@@

'સન્ડે ઈ-મહેફીલ' - વર્ષ : નવમું - અંક : 275 – July, 28

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન : ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

More than 2,28,00,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com

More than 20,75,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com

More than 5,00,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com

@

'ગુજરાતીલેક્સિકોન'ની વેબસાઇટ ઉપરની લોકપ્રીય રમતો 'ક્વિક-ક્વિઝ' અને 'ક્રોસવર્ડ' તો સૌ ભાષાપ્રેમીઓ રમે જ છે. તે જ સુવિધા મોબાઈલ પર પણ ઉપલબ્ધ થઈ છે. ત્યારે હવે આ સઘળી રમતો 'ક્વિક ક્વિઝ', 'ક્રોસવર્ડ', 'હેન્ગમંકી', 'વર્ડમેચ', 'ઉખાણાં', અને 'જનરલ નૉલેજ ક્વિઝ' ફેસબુક પર પણ રમી શકાય છે. આ એક નવીન સુવીધા છે. એની લિંક નીચે મુજબ છે. ચાલો, આજે જ રમીએ..

FB QuickQuiz : https://apps.facebook.com/glquickquiz/

FB Crossword : https://apps.facebook.com/glcrossword/

FB Hangmonkey : https://apps.facebook.com/glhangmonkey/

FB Word Match : http://apps.facebook.com/glwordmatch/

FB Ukhana : http://apps.facebook.com/glukhana/

FB GKQuiz : http://apps.facebook.com/glGKQuiz/

@@@@@@@@@